# કુડોલ ગામના ગ્રામજનોએ સરકારી જમીન પરથી દબાણ દૂર કરવા જિલ્લા કલેક્ટરના બીજીવાર દ્વાર ખટખટાવ્યા

મોડાસા, તા. ૨૭

મોડાસા તાલુકાના કુડોલ ગામે વણકર સમાજના ફળિયાને અડીને તા.૧૦-૧૨-૧૯૮૫ના રોજ મળેલ અધિકારીઓની બેઠકમાં ૧૦ એકર જમીન કુડોલ ગામના લોકોના ઘરથાળ એકર જમીન પર દાદાગીરીથી કબ્જો જમાવી દઈ તારની વાડ અને ઓરડી તાણી બંધાતા વણકર સમાજના લોકો



આવેલી સર્વે.નં-૨૨૭ જેનો જૂનો સર્વે.નં-૧૨૭ ની ખાડા ટેકરા અને ડુગંરાળ જમીન ૧૯૫ એકર અને ૩૧ ગુંઠા ઠાકોર નારસિંહ ગુલાબસિંહ, ભગવાનસિંહ તખતસિંહ અને કિશોરસિંહ મુળસિંહની ખાનગી માલિકીની જંગલની જમીન તા.૧-૦૮-૧૯૭૩થી સરકાર હસ્તક કરવામાં આવતા સરકાર દ્વારા તા.૪-૯-૧૯૭૪ રોજ કબ્જો મેળવી લીધા બાદ અને વિકાસ માટે ફાળવણી કરી ૧૮૫ એકર ૧૦ ગુંઠા જમીન વનવિભાગ તંત્રને વન ઉછેર માટે સોંપી હતી. જે જમીનનો વણકર સમાજના લોકો ઘાસચારા માટે ઉપયોગ કરતા હતા પરંતુ મૂળ માલિકોએ અધિકારીઓ અને જવાબદાર કર્મચારીઓની મીલીભગતથી સરકાર અને ગ્રામપંચાયત હસ્તકની જમીનમાં તેમના નામની નોંધ પડાવી દઈ ૧૦ દ્વારા જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદન પત્ર આપવામાં આવતા કલેક્ટરે તપાસના આદેશ અપાતા અધિકારીઓ કુડોલ ગામે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી પણ તપાસ અંતે વણકર સમાજને ન્યાય ન મળતા ગુરુવારે મોટી સંખ્યામાં કુડોલના ગ્રામજનો જિલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપી ૧૦ એકર જમીન પરથી દબાણ હટાવવાની માંગ કરી હતી.



**મલેકપુર પ્રાથમિક શાળા ખો-ખો સ્પર્ધામાં ચેમ્પિયન**

ભિલોડા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ કાર્યક્રમ-૨૦૧૮ ખેરંચા સુર્યા એકલવ્ય સૈનિક સ્કુલમાં યોજાયો હતો.મલેકપુર ગામની મલેકપુર પ્રાથમીક શાળા ખો-ખોની સ્પર્ધામાં ચેમ્પીયન જાહેર કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.મલેકપુર પ્રાથમીક શાળાની બહેનોની અંડર-૧૪ ખો-ખોની સ્પર્ધામાં તાલુકા કક્ષાએ ચેમ્પીયન બની પ્રથમ નંબર પ્રાપ્ત કરતાં મલેકપુર પ્રાથમીક શાળા આચાર્ય ડી.આર.પરમાર,સ્ટાફ પરીવાર,એસ.એમ.સી. સભ્યોએ વિદ્યાર્થીનીઓને બિરદાવી પ્રોત્સાહિત કરી હતી.

# ભિલોડામાં ચેક રીટર્ન કેસમાં મેજીસ્ટ્રેટે આરોપીને એક વર્ષની સજા ફટકારી

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ચેક રીટર્ન કેસમાં મેજીસ્ટ્રેટએ આરોપીને સખત કેદની સજા ફટકારી છે. આડેધડ બેંકોના ચેકો આપી નાણાંકીય વ્યવહારો ચલાવતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. દિન-પ્રતિ-દિન બેંકોના ચેકો ધ્વારા નાણાંકીય વ્યવહારો ચલાવવા માટે લોકો બેંકોના ચેકોનો આડેધડ ઉપયોગ કરતા હોય છે. જીલ્લાભરમાં ચેક રીટર્નના કેસોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતું જાય છે.

ભિલોડા નવા ભવનાથના રહેવાસી કીર્તીબેન ભરતભાઈ નિનામા પાસેથી સુરેશકુમાર રામજીભાઈ ગામેતી, રહેવાસી. ગાંધીધામ, જી.કચ્છ-ભુજવાળાએ રૂા.૩,૦૦,૦૦૦/- ઉછીના લીધા હતા પરંતુ ઉછીના લીધેલા રૂપિયા સમયસર પરત આપતાં ના હોવાથી વારંવાર કિર્તીબેન ઉઘરાણી કરતા હતા. રૂા.૩,૦૦,૦૦૦/- ઉછીના આપતી વખતે કિર્તીબેનએ સુરેશકુમાર પાસેથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ શાખાના ત્રણ ચેક લીધા હતા. સમયસર ઉછીના આપેલા રૂપિયા ના મળતાં કિર્તીબેનએ તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,ભિલોડા શાખામાં રૂપિયા પરત મેળવવા માટે ત્રણ ચેકો ભર્યા હતા પરંતુ સુરેશકુમારના ખાતામાં પુરતુ નાણાંકીય ભંડોળ ના હોવાના કારણે ત્રણ ચેક રીટર્ન આવતાં કલમ-૧૩૮ મુજબ ગુનો નોંધાયો હતો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ભિલોડા શાખામાંથી કિર્તીબેન નિનામાએ ભરેલ ચેક રીટર્ન આવતાં ચેક રીટર્ન કેસ સંદર્ભે ભિલોડા ન્યાય મંદીરમાં કેસ દાખલ કર્યો હતો. એડવોકેટ રફીકભાઈ કે.મનસુરીની ધારદાર રજુઆતો અને દલીલોના આધારે ભિલોડા એડી. જ્યુડી. મેજી. ફ.ક. આશિષ એચ. દવેએ આરોપી સુરેશભાઈ ગામેતીને ચેક રીટર્ન કેસ સંદર્ભે એક વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ફરીયાદી કિર્તીબેન નિનામાને રૂા.૩,૦૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો હતો.સમયસર વળતરની રકમ ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ, વળતરની રકમ,દંડની વસુલાત કરવાનો હુકમ કર્યા હતો.

અરવલ્લી જીલ્લાના નાણાંકીય વ્યવહારો સાચવવા માટે બેંકોના ચેકો આપવાનો ચલણ દિન-પ્રતિ-દિન વધ્યું છે પરંતુ બેંકોના ચેકો રીટર્ન આવતા હોવાના કારણે પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. લોકમુખે ચર્ચાય છે કે બેંકોના ચેકોનો સમજી વિચારીને ઉપયોગ કરવો જોઈએ તેમ ચર્ચાય છે.

# મોટી ઈન્દ્રાણ પ્રાથમિક શાળામાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

બાયડ, તા. ૨૭

અરવલ્લી જિલ્લાની મોટી ઈન્દ્રાણ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય હિતરક્ષક દળ, ગુજરાત દ્વારા વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો હતો.

આવતીકાલનુ ભાવિ આજના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે. આજનું બાળક આવતીકાલના દેશનું ભવિષ્ય છે. ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. આજે ગામડાંઓ અંધશ્રદ્ધા, વ્યસન અને કુરિવાજોથી તુટી રહ્યાં છે. બાળકને એના અભ્યાસકાળથી જ સાચી દિશા અને દોરવણી આપવામાં આવે તો વ્યસનથી થતા અકાળે મૃત્યુનું પ્રમાણ ઘટે અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય. સુંદર વિચાર અને અભિગમથી યોજાયેલા આ કાર્યક્રમમાં મદદનીશ શિક્ષક સુભાષભાઈ વણકરે આવકાર પ્રવચન કર્યુ હતુ અને શાળાના આચાર્ય અનિલભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા સત્કાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન દાસભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ અને આરોગ્ય પ્રધાન ડૉ. કરશનદાસ સોનેરી, બાયડ-માલપુર તાલુકાના ધારાસભ્ય ધવલસિંહજી ઝાલા, અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિના સદસ્ય માનવેન્દ્રસિંહજી સોલંકી અને રાષ્ટ્રીય હિતરક્ષક દળ ગુજરાતના પ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર હસમુખ સકસેના ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. સૌ મહેમાનોએ શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિ, શિસ્ત, સ્વચ્છતા અને કર્મચારીઓની ફરજ પ્રત્યેની વફાદારી અને વર્ગખંડના ક્રિયાશીલ શૈક્ષણિક કાર્યની પ્રશંસા કરી હતી.

## કંપની સમાચાર

### શુભમ પોલીશ્યીન લિમિટેડ ૨૮ સપ્ટેમ્બરથી મૂડી બજારમાં

મહેસાણા સ્થિત શુભમ પોલીશ્યીન લિમીટેડનો એસએનઈ આઈપીઓ ૨૮ સપ્ટેમ્બરના શુક્રવારના રોજ ખુલશે. રૂ. ૧૦ની મૂળ કિંમતના ૧૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર પ્રત્યેક રૂ. ૪૦ના ભાવે ઈશ્યૂ કરીને રૂ. ૬૦૦ લાખ કંપની દ્વારા એકઠા કરાશે. જે ૪ ઓક્ટોબરના રોજ બંધ થશે. કંપની પોલી પ્રોપલીન મલ્ટિ ફિલામેન્ટ યાર્નના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલી છે અને તેની માસિક ક્ષમતા ૨૫૦ એમ.ટી.ની છે. કંપની દ્વારા એકઠા કરાયેલા ભંડોળનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરીના આધુનિકરણ, બિલ્ડીંગ સહિત કાર્યકારી મુડીની જરૂરિયાતને પુરી કરવા, નવી પ્રોડક્ટ વિકસાવવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓને પૂર્ણ કરવા માટે કરાશે. ઈશ્યુના લીડ મેનેજર તરીકે બિલાઈન બોક્રિંગ લીમીટેડ છે. કંપનીના પ્રમોટર અનિલ સોમાણી, અંકિત સોમાણી અને અક્ષય સોમાણી છે.

### આવતીકાલે અંબાજી માતાજીના નિજ મંદિરમાં પ્રક્ષાલનવિધિ થશે

આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ ખાતે આવતીકાલ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ માતાજીના નિજ મંદિરમાં પ્રક્ષાલનવિધિ બપોરે ૧ કલાકે શરૂ થશે. માતાજીની આરતી અને દર્શનનો સમય નીચે પ્રમાણે રહેશે. જેમાં આરતી સવારે ૭.૩૦ થી ૮, દર્શન સવારે ૮ થી ૧૧.૩૦, રાજભોગ બપોરે ૧૨ કલાકે, દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧ કલાક, રાત્રે ૯ કલાકે માતાજીની આરતીનો સમય રહેશે.

## મોડાસાના લીંભોઈ ગામે ચાર વર્ષનો બાળક પાણીની ટાંકીમાં પડી જતા કુળદીપક બુઝાયો

મોડાસા, તા. ૨૭

મોડાસા તાલુકાના લીંભોઈ ગામે બુધવારે સાંજે એક ૪ વર્ષીય બાળક રમતા રમતા ઘર નજીક રહેલા ઘર વપરાશ માટે બનાવેલ પાણીના ટાંકામાં પડી જતા મોત નિપજતા અરેરાટી વ્યાપી હતી. મયંકભાઈ પટેલનો ૪ વર્ષીય જ્વલ નામનો એકનો એક દીકરો બુધવારે સાંજે ઘર નજીક રમતો રમતો ગુમ થતા અડધો કલાક સુધી જોવા ન મળતા પરિવારજનો ચિંતિત બની આજુબાજુ અને ગામમાં શોધખોળ હાથ ધરાતા દોડાદોડી કરી મુકી હતી. ગામલોકો પણ દોડી આવ્યા હતા ત્યારે ઘર પાસે બનાવેલ હોજમાં તપાસ કરતા જ્વલ મૃત અવસ્થામાં પાણીના ટાંકામાંથી મળી આવતા પરિવારજનોએ ભારે રોકકળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. ૪ વર્ષીય બાળકનું મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.



# પ્રાંતિજ પોલીસે બોભા ખાતે જુગાર રમતાં ત્રણ જુગારીઓને પડકી પાડ્યા

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોભા ખાતે આવેલ તળાવ પાસે થી જુગાર રમતા ત્રણ જુગારીઓને પ્રાંતિજ પોલીસે બાતમી ને આધારે પકડી પાડ્યા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના બોભા ગામે આવેલ તળાવ પાસે આવેલ કાળી માતાના મંદિર ની આગળ ની ખુલ્લી જગ્યા માં કેટલાક ઈસમો તીન પત્તીનો હારજીતનો જુગાર રમે છે જેની બાતમી પ્રાંતિજ પોલિસ ને મળતા પ્રાંતિજ પોલિસ દ્વારા બાતમીના આધારે તપાસ કરતાં આ કામના આરોપીઓ સ્થળ ઉપર ગંજી પાનાનો જાહેર મા જુગાર રમતાં હોઈ પોલીસે (૧) રતેસિંહ બાપુસિંહ રાઠોડ ઉ.વર્ષ- ૫૫ (૨)નવલસિંહ વકતુસિહ રાઠોડ ઉ.વર્ષ- ૩૫ (૩) કોયસિંહ જોયતુસિંહ રાઠોડ ઉ.વર્ષ- ૪૦ તમામ રહે. બોભા હાર જીત નો પૈસા પાનાનો જાહેરમાં જુગાર રમતા હોઈ પોલિસે તેવોને પકડી પાડ્યા હતાં અને તેવો પાસેથી અંગઝડતી મા મળેલ રોકડ રકમ ૧૮૫૦ , દાવની રકમ-૩૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત- ૨૦૦૦ મળી કુલ ૪૧૫૦ ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલિસે ત્રણ ની અટકાયત કરી હતી તો પ્રાંતિજ પોલીસ હે.કો. પુંજાભાઈ મહાદેવભાઈ ની ફરીયાદ ના આધારે જુગાર ધારા કલમ- ૧૨ મુજબ ગુનો નોધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

# ડીસા કોલેજમાં એન.એસ.એસ. દિવસની ઉજવણી કરાઈ

૨૪ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય સેવા યોજના દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે એન.એન.એસ. યુનિટો દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. રકમને ત્રણ ભાગોમાં વિભાજીત કરી રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ કડા, ઉત્તર ગજરાત વિકલાંગ સંઘ કુવાસણા તેમજ પાલનપુર વૃધ્ધાશ્રમ ખાતે જમા કરાવવા માં આવશે. આ કાર્યક્રમને સફળ




એન.એસ.એસ. દિન નિમત્તે ડીસા કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા આ વર્ષે વિશેષ સેવાકાર્યનું આયોજન પ્રોગ્રામ ઓફિસર પ્રો. આશાબેન ચોધરી ની પ્રેરણાથી વિધાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના સ્વયંસેવકોએ અંધ-અશક્ત - દિવ્યાંગ લોકોના લાભાર્થે કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવાર પાસેથી રૂ.૩૦,૦૦૦ (ત્રીસ હજાર) જેટલી રકમ ફંડ પેટે એકત્રિત કરી હતી. વિધાર્થીઓ દ્વારા સેવાયજ્ઞ રૂપે એકત્રિત કરેલી બનાવવામાં ડીસા કોલેજ એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થી લીડર મનોજ પરમાર, વિપુલ પ્રજાપતિ, પ્રકાશ પરમાર,રાહુલ વાઘેલા,વિમલ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. ડૉ.ભાનુભાઇ પટેલ, પ્રો.હરેશભાઈ ત્રિવેદી તેમજ પ્રો. તૃપ્તિબેન પટેલ વગેરેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. આ કાર્યક્રમના સુંદર આયોજન બદલ કોલેજ પરિવારે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો.આશાબેન ચૌધરી અને તેમની પુરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## અભિયાન આરંભાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ પંચાયતમાં યોજનાકીય કામોના જાહેર હિસાબ માટે ૨૦-૧૦નું એક મોટુ બોર્ડ પણ લગાવવામાં આવશે. જેમાં થયેલ ખર્ચ, અંદાજીત રકમ, કામ ક્યારે શરૂ થયુ અને ક્યારે પૂર્ણ થશે તેની વિગતો પણ દર્શાવવાની રહેશે. જિલ્લાતંત્રોને આ વિશેષ ગ્રામસભા અભિયાન અંગે ખાસ સૂચનાઓ પણ આપવામાં આવી છે. તેમજ જે ગ્રામ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર થાય તેની વિગતો સીધી રાજ્યના આયોજન વિભાગને મોકલવાની રહેશે. દરેક તાલુકામાં એક ગ્રામસભા સવારે અને બીજી ગ્રામસભા સાંજે યોજવા માટેની પણ ખાસ તાકીદ કરવામાં આવી છે.

આ ગ્રામસભામાં ૧૮ જુદા જુદા વિભાગના અધિકારીઓ હાજર રહી અને વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તેમજ તેમના વિભાગના પ્રશ્નો અંગે જરૂરી જવાબો પણ આપશે એટલુ જ નહિ જે કંઈ પ્રશ્નો હશે તેની સાચી સ્થિતિ શું છે તે પણ લોકોને જણાવશે.

## દબાણો હટાવાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મામલે નોટીસો આપી દુકાનો સીલ કરવા સુધીની કડક કામગીરીના લીધે વેપારીઓમાં અનેક સવાલો મંડરાયા છે. જયારે હેતુફેરના કિસ્સામાં નોટીસ આપવાની સાથે આજે તંત્ર દ્વારા સે-૨૪ માં દબાણો દુર કરવા માટે ફરી તંત્ર ત્રાટક્યુ હતુ. સે-૨૪ માં ભાજપના નેતાઓના સગાના દબાણો દુર કરવામાં ન આવતા હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો હતો. જયારે આજે તંત્ર દ્વારા આ દબાણો પણ દુર કરી દેવાયા હતા. આ ઉપરાંત સે-૨૪ ના શ્રીનગર વિસ્તારમાં ઉભા કરાયેલા પાકા દબાણોનો પણ સફાયો કરવામાં આવ્યો હતો. તંત્રએ દિવસ દરમિયાન ૧૦ થી વધુ દબાણો દુર કર્યા હતા. આ દરમિયાન સ્થાનિકોમાં રોષ પણ જોવા મળ્યો હતો. જયારે દબાણ તંત્ર સાથે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી.

## મેરાથોન દોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અવસરે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરતા સરિતા ગાયકવાડે સ્પોર્ટ્સ મેન તરીકે સ્વાસ્થ્યનું, ફિટનેસનું ધ્યાન કેવી રીતે રાખવું એ વિષય પર સલાહ સૂચનો આપ્યા હતા.

હાફ મેરાથોનને ફ્લેગ ઓફ કરતા (લીલી ઝંડી બતાવતા) સરિતા ગાયકવાડે આ અવસરને તેમના જીવનનો એક સોનેરી અવસર બતાવતા આઈઆઈટીઈની આયોજન ક્ષમતાના વખાણ કર્યા હતા. આ દોડના શિસ્ત અને રેકોર્ડ કીપિંગ અધિકારી શ્રી ભરત ચૌધરીએ જણાવ્યું હતું કે લગભગ ૨૫૦૦ દોડવીરો કે જેમાં સ્કુલના બાળકોથી લઈને શહેરના સામાન્ય રહેવાસીઓ પણ જોડાયા હતા તેઓના ઉત્સાહને કારણે દોડ અત્યંત સફળ બની રહી હતી.

રૂટ વ્યવસ્થાના ઈન્ચાર્જ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, સુશ્રી રોશની અડીયેચા, સુશ્રી પ્રેરણા શેલતે એક વાતચીતમાં જણાવ્યું કે સમગ્ર રૂટ પર એક તરફથી માર્ગ બંધ હતો પરંતુ સામાન્ય પ્રજા એ અદભુત સહકાર આપ્યો જેના લીધે સરળતા, સહજતા, અને સફળતાથી દોડ સંપન્ન થઈ.

દોડના ઈન્ચાર્જ સુશ્રી હિરલ મહેતા અને ડો. મધુસુદન મકવાણાએ સમગ્ર વ્યવસ્થાનું બારીકીથી સંચાલન કર્યું હતું.

## નવો વીડિયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિમ્ભોરકરે પુણેમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે અમને પૂરી આશંકા હતી કે જ્યારે અમે કાર્યવાહી માટે દ્રના ગામોમાંથી નીકળીશું તો ત્યાં કુતરાઓ ભસશે. એવામાં આતંકી અને પાકિસ્તાનની સેના સર્તક થઈ શકે છે. તેનાથી બચવા માટે અમે ચિત્તાના યૂરિનનો ઉપયોગ કર્ય હતો. જેનું કારણ છે કે તેઓ ચિત્તાથી ડરે છે. યૂરિનની ગંધથી તેઓ દૂર રહેશે. અમારી યોજના સફળ રહી હતી.

પાકિસ્તાન સતત પાક અધિકૃત કશ્મીરમાં થયેલી સર્જીકલ સ્ટ્રાઈકથી ઈક્રાર કરતું રહે છે. જો કે વીડિયોથી ભારતનાં દાવાઓ સાબિત થઈ જાય છે. સર્જીકલ સ્ટ્રાઈક દરમ્યાન ઘણાં બધાં લોન્ચપેડને તબાહ કરી દેવાયા હતાં અને ડઝનો જેટલાં આતંકીઓને પણ ઠાર કરી દેવાયાં હતાં કે જે ભારતની અંદર ઘૂસણખોરી કરવાની કોશિશ કરી રહ્યાં હતાં. આ સ્ટ્રાઈકને સેનાએ કરાયેલા હુમલા બાદ અંજામ આપાયો હતો.

## ગુનો નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના ચુકાદામાં કહ્યુ છે કે એડલ્ટરી તાકાતનો આધાર હો શકે છે. પરંતુ તે અપરાધ રહેશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે એડલ્ટરી અપરાધ તરીકે રહેશે નહીં પરંતુ જો પત્નિ પોતાના લાઈફ પાર્ટનરના વ્યાભિચારના કારણે આત્મહત્યા કરે છે અને પરિવારના સભ્યો પુરાવા રજૂ કરી શકે છે તો તેની સામે આત્મહત્યા માટે ઉશ્કેરવાના મામલે કેસ ચાલી શકે છે. જસ્ટીસ ચન્દ્રચુડે કહ્યુ હતુ કે એડલ્ટરી કાનુન સ્વૈચ્છિક છે. તે મહિલાની ગરીમાને ઠેસ પહોંચાડે છે. એડલ્ટરી કાનુન મહિલાની સેક્સુઅલ પસંદગીને રોકે છે. જેથ તે ગેરબંધારણીય છે. તેમણે કહ્યુ હતુ કે મહિલાને લગ્ન બાદ સેક્યુઅલ ચ્વોઈસથી રોકી શકાય નહીં. આ પહેલા સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, એડલ્ટરી તલાક માટે આધાર તરીકે રહેશે. આના પરિણામ સ્વરુપે આપઘાતના મામલામાં ઉશ્કેરણીનો કેસ દાખલ થઈ શકશે. આ ઐતિહાસિક ચુકાદા સંભાળાવતા કોર્ટે મહિલાઓની ઈચ્છા, અધિકાર અને સન્માનને સર્વોચ્ચ તરીકે ગણાવીને કહ્યું છે કે, પતિ મહિલાના માલિક તરીકે નથી. તેમને સેક્સયુઅલ ચોઈસથી રોકી શકાય નહીં. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ પોતાના અને જસ્ટિસ ખાનવીલકર તરફથી ચુકાદાને વાંચતા કહેવામાં આવ્યું હતું કે, અમે લગ્નની સામે અપરાધ સાથે સંબંધિત ઈન્ડિયન પીનલ કોડની ૪૯૭ અને સીઆરપીસીની કલમ ૧૯૮ ગેરબંધારણીય જાહેર કરીએ છીએ.

# હિંમતનગર પાલિકાની પેટા ચૂંટણીમાં પ્રચારનો ધમધમાટ

**ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ગ્રુપ બેઠકો યોજવાની કવાયત**

**એક બેઠક માટે ૭૩૬૮ મતદારો સાત ઓક્ટોબરે મતદાન કરશે**

હિંમતનગર, તા. ૨૭

હિમતનગર નગરપાલીકાના વોર્ડ નં. ૪ની એક બેઠક માટે આગામી તા. ૭ ઓકટોબરના રોજ ચૂંટણી યોજાનાર છે ત્યારે આ બેઠક માટે હાલ ત્રિપાંખીયો જંગ જામ્યો છે ત્યારે ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ કાર્યકરો તથા મતદારોની ગ્રુપ બેઠકો યોજવા માટેની કવાયત શરૂ કરી દીધી છે. તેમજ પક્ષના કાર્યાલયોમાં પણ બેઠકના દોર શરૂ થઈ ગયા છે.

હિંમતનગર પાલીકાના વોર્ડ નં. ૪ની એક બેઠકની પેટાચૂંટણી આગામી તા. ૭ ઓકટોબરે યોજાનાર છે ત્યારે આ વોર્ડમાં આવતા ૭૩૬૮ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પ્રતિનિધિની પસંદગી કરશે. જેમાં આ વોર્ડના ૩૭૯૯ પુરૂષ તથા ૩૫૬૯ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. એક બેઠક માટે ભાજપ-કોંગ્રેસ અને એક અપક્ષે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હોવાને કારણે વોર્ડ નં. ૪ના મતદારો આ ચૂંટણીમાં ખુબજ રસ દાખવી રહ્યા છે.

૧૧ બુથ પર થનાર મતદાન પૈકી એક બુથ પદમાવતી હાઈસ્કૂલમાં આવેલ છે. જ્યાં નજીક અંડરબ્રીજ બની રહ્યો હોવાને કારણે મતદારોને મતદાન કરવા જવા માટે મુશ્કેલી પડે તેમ લોકોનું કહેવુ છે. તેમ છતાં હાલ તો મતદારોએ અવળો ચક્કર કાપીને મત આપવો પડશે તેમ સમજી મન મનાવી લીધું છે. ઉમેદવારોની વાત કરીએ તો આ વોર્ડમાં કેટલાક મતદારો વર્ષોથી એક પક્ષની વિચારધારાને વળેલા હોવાની છાપને લીધે તે પક્ષના ઉમેદવાર જીત માટે આશાવાદી છે.

તો બીજી તરફ અન્ય પક્ષના ઉમેદવાર અને કાર્યકરો પણ તમામ નિતીઓ અખત્યાર કરીને બેઠક જીતી લેવા માટે આકાશપાતાળ એક કરી રહ્યા છે. અને તેના માટે રાત-દિવસ લોકસંપર્ક કરવાનું શરૂ કરી બેઠકના દોર શરૂ કરી દીધા છે.

**ટીંટોઈ ગામે પોલીસે લાઈન સામેના**

# મંદિર સહિત ચાર દુકાનોમાં ધાડપાડુઓ ત્રાટકી હજ્જારોની લૂંટ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના



દાવાઓ પોકળ સાબિત કરતી ઘટના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે બની હતી. એક જ રાત્રિમાં પોલીસ લાઈનની સામે આવેલા રામજી મંદિર સહીત ૪ દુકાનોના તાળા તોડી હજ્જારો મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. એકજ રાતમાં પાંચ સ્થળોએ ચોરી થતા મોડાસા રૂરલ, જિલ્લા એસઓજી અને જિલ્લા એલસીબી પોલીસ ટીમનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો. ટીંટોઈ ગામે આવેલ કિરાણા સ્ટોરેમાં ચોરી કરવાનો પ્રયત્ન કરનાર શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થતા પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ચોર લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ટીંટોઈ ગામે બુધવારની રાત્રીના સુમારે પોલીસલાઈન સામે આવેલા રામજી મંદિરમાં ત્રાટકી મંદિરમાં રહેલી દાન પેટી સિફતપૂર્વક ઉઠાવી લીધી હતી




મંદિરમાં ઉંઘી રહેલા પૂજારી વહેલી સવારે ઉઠતા મંદિરમાં રહેલી દાનપેટી ચોરો લૂંટી ગયા હોવાની જાણ આજુબાજુના પ્રજાજનો અને ટ્રસ્ટીઓને કરતા મંદિરમાં દોડી આવ્યા હતા. દાનપેટીમાં ૧૫૦૦૦થી વધુની રોકડ રકમ હોવાનું મંદિરના પુજારીએ જણાવ્યું હતું મંદિરમાં ચોરીની ઘટના સાથે ગામમાં અન્ય ૪ દુકાનોમાં પણ ધાડપાડુઓ ત્રાટકી રોકડ રકમ અને માલસામાનની લૂંટ ચલાવી હોવાની હકીકત બહાર આવતા દુકાન માલિકો અને પ્રજાજનોમાં ભારે હડકમ્પ મચ્યો હતો. રામજી મંદિર સહીત અન્ય ચાર સ્થળે ધાડપાડુઓ ત્રાટકી લૂંટ ચાલવામાં આવી હોવાની જાણ પોલીસતંત્રને થતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને પ્રાથમિક તપાસ હાથ ધરી કિરાણા સ્ટોરમાં લૂંટનો નિષ્ફળ પ્રયાસ કરનાર લૂંટારુ ગેંગના સભ્યોના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયેલા દ્રશ્યોના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. રામજી મંદિરના ટ્રસ્ટીઓ અને લૂંટની ઘટનાનો ભોગ બનેલા દુકાનદારોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

## અનિવાર્ય નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિવાદ ટાઈટલ મામલામાં સુનાવણી શરૂ થશે. અયોધ્યા વિવાદમાં સુનાવણી ત્રણ જજની બેંચ દ્વારા હાથ ધરવામાં આવશે. રામ જન્મભૂમિ મામલામાં આ ચુકાદો ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રામમંદિર માટે થનાર આંદોલન દરમિયાન છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે અયોધ્યામાં બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી. આ મામલામાં અપરાધિક કેસની સાથે સાથે અન્ય કેસ ચાલ્યા હતા. ટાઈટલ વિવાદ સાથે સંબંધિત મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ત્રણ પક્ષો વચ્ચે જે જોગવાઈ છે તે મુજબ વચ્ચેનો હિસ્સો હિન્દુઓનો રહેશે જ્યાં હાલમાં રામલલ્લાની મૂર્તિ છે. નિરમોહી અખાડાને બીજો હિસ્સો આપવામાં આવ્યો હતો જેમાં સીતા રસોઈ અને રામ સંકુલ છે. બાકી એક તૃતિયાંશ હિસ્સો સુન્ની વક્ફ બોર્ડને આપવામાં આવ્યો હતો. આ તમામ મામલામાં હોબાળો થયો હતો. આ ચુકાદાને તમામ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો. નવમી મે ૨૦૧૧ના દિવસે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા પર પ્રતિબંધ મુકીને સ્થિતિને યથાવત રાખવાનો આદેશ કર્યો હતો. અયોધ્યા કેસમાં સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમની બેંચે મસ્જિદમાં નમાઝ અંગે ૧૯૯૪ના ચુકાદાને મોટી બેંચને સોંપવાનો ઈન્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે મસ્જિદ ઈસ્લામના અખંડ ભાગ તરીકે છે કે કેમ તે સંદર્ભમાં ૧૯૯૪ના ચુકાદા ઉપર ફરીથી વિચારણા કરવા મોટી બેંચને આ મામલાને સોંપવાનો ઈન્કાર કરી દીધો છે.